પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૬ | ૧૬ મે, ૨૦૧૮, બુધવાર ; અ. જેઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઉ. કોરીયાએ ન્યુક્લિયર સાઈટ તોડવાનુ શરૂ કર્યુ

ઉત્તર કોરીયાએ ન્યુક્લિયર પરીક્ષણ સાઈટ તોડવાનુ શરૂ કર્યુ છે. ટ્રમ્પ અને કિમ જોંગની મુલાકાત પહેલા ઉત્તર કોરીયાએ ન્યુક્લિયર સાઈટને તોડવાનુ કામ શરૂ કરી ઉદાહરણીય પગલું ભર્યુ છે.

### ત્રીસ વર્ષ જુના કેસમાં સિદ્ધુને રાહત

પંજાબ સરકારના મંત્રી નવજ્યોત સિદ્ધુને સુપ્રિમે રાહત આપી છે. સુપ્રિમ કોર્ટે તેમની પર એક હજાર રૂપિયાનો દંડ લગાવ્યો છે. હાલમાં તેઓ મંત્રીપદે ચાલુ રહી શકે છે.

### શ્રીસંત સ્કોટલેન્ડ કાઉન્ટ્રી નહી રમી શકે

ક્રિકેટર શ્રીસંતને સુપ્રિમ કોર્ટે રાહત આપી નથી. કોર્ટે શ્રીસંતને સ્કોટલેન્ડ કાઉન્ટ્રી લીગ મેચ રમવા જવાની પરવાનગી આપી નથી.

### રાજીવ ગાંધીના હત્યારાની ઈચ્છા મૃત્યુની માંગ

પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની હત્યાના મામલામાં દોષિત એક શ્રીલંકન નાગરિક રોબર્ટ પાયસે તામિલનાડુ સરકાર સમક્ષ ઈચ્છા મૃત્યુની માંગ કરી છે. મુક્તિનો કોઈ માર્ગ ન દેખાતા તેણે ઈચ્છા મૃત્યુની માંગ કરી છે.

### મિથુન ચક્રવર્તીની તબીયત લથડી

અભિનેતા મિથુન ચક્રવર્તીની તબીયત લથડી છે. તેઓ પીઠના દુઃખાવાની ભારે સમસ્યાનો સામનો કરી રહ્યા છે. હાલમાં દિલ્હીમાં તેમનો ઉપચાર ચાલી રહ્યો છે.

# કર્ણાટકમાં કોકડું ગુંચવાયુ

**સરકાર રચવા ભાજપ, જેડીએસ-કોંગ્રેસ ગઠબંધન દ્વારા દાવો : સ્પષ્ટ બહુમતિ ન મળતા સરકાર રચવાના કાવાદાવાનો દોર શરૂ : રાજ્યપાલ વજુભાઈ વાળાને મળીને યેદીયુરપ્પા, કુમારસ્વામી દ્વારા સરકાર રચવાનો દાવો : તમામ રાજકીય પંડિતોની નજર રાજ્યપાલ પર કેન્દ્રિત થઇ**



બેંગલોર,તા. ૧૫

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાનીરીતે સરકાર રચવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. પૂર્ણ પરિણામ જાહેર થયા નથી ત્યારે ભાજપ અને કોંગ્રેસ-જેડીએસ ગઠબંધને સરકાર રચવાનો દાવો કર્યો હતો. રાજ્યપાલ વજુભાઈ વાળાનો મળીને એકબાજુ ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બીએસ યેદીયુરપ્પાએ સરકાર રચવાનો દાવો કર્યો હતો. બીજી બાજુ કોંગ્રેસ અને જેડીએસે પણ

**પક્ષવાર સ્થિતિ**

| | |
|---|---|
| કુલ બેઠકો | ૨૨૪ |
| મતદાન યોજાયું | ૨૨૨ |
| કોંગ્રેસ | ૭૮ |
| જેડીએસ | ૩૮ |
| ભાજપ | ૧૦૪ |
| અન્ય | ૦૨ |

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના સાત ધારાસભ્ય બળવો કરવાના મૂડમાં છે

### લિંગાયત ધારાસભ્યો ભાજપના સંપર્કમાં

બેંગ્લોર, તા. ૧૫

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં એક્ઝિટ પોલના તારણ મુજબ જ કોઈ પાર્ટીને બહુમતિ મળી શકી નથી પરંતુ ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવી છે. બહુમતિના આંકડાથી દૂર રહી જતાં સત્તા માટે સાંઠગાંઠની રમત શરૂ થઈ ચુકી છે. કોંગ્રેસે ભાજપને સત્તાથી દૂર રાખવા છેલ્લી ચાલ તરીકે જેડીએસના નેતા કુમાર સ્વામીને મુખ્યમંત્રીપદની ઓફર કરી હતી. બીજી બાજુ ભાજપે પણ પોતાની રાજકીય રમતો જારી રાખી હતી અને કેટલાક ધારાસભ્યોનો સંપર્ક કર્યો હોવાના અહેવાલ મળ્યા છે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસના સાત લિંગાયત ધારાસભ્ય જેડીએસને સમર્થન આપવાના મુદ્દે પાર્ટીથી નાખુશ દેખાઈ રહ્યા છે અને બળવાના મૂડમાં આવી ગયા છે. કોંગ્રેસના આ સાત સભ્યોને મનાવવાના પ્રયાસો ભાજપ તરફથી હાથ ધરવામાં આવ્યા છે. બીજી બાજુ બે અન્ય ઉમેદવારોને પણ મનાવવાના પ્રયાસો પણ યુદ્ધના ધોરણે શરૂ કરાયા છે.

## ‘કમળ’ની કમાલ છતાં નહિં બને ભાજપની સરકાર

**ભાજપ સૌથી મોટી પાર્ટી બની પણ બહુમતિથી દૂર : બહુમતિના જાદુઈ ૧૧૨ના આંકડા સુધી પહોંચવામાં નિષ્ફળ : ભાજપે સીટોની સદી ફટકારતા જ કાર્યકરોએ ઉજવણી શરૂ કરી હતી પરંતુ કોંગ્રેસ પાર્ટીએ જેડીએસને મુખ્યમંત્રી પદની ઓફર કરતા રંગમાં ભંગ પડ્યો**

બેંગ્લોર, તા. ૧૪

જેની રાજકીય વર્તુળો અને કારોબારીઓમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. કર્ણાટકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જાદુ રહ્યો હતો પરંતુ ભાજપ બહુમતિથી થોડાક જ અંતરે રહી ગયા બાદ એકલા હાથે સરકાર બનાવવાની સ્થિતિમાં પાર્ટી પહોંચી શકી નથી. આવી સ્થિતિમાં રાજકીય ગઠબંધન માટે કાવાદાવા શરૂ થયા હતા. બહુમતિના આંકડા સુધી પહોંચવા માટે કોઈપણ પાર્ટીને ૧૧૨ સીટની જરૂર હતી. એક વખતે પાર્ટીએ ૧૧૨નો બહુમતિનો આંકડો પાર કરીને ૧૨૧ સીટ સુધી લીડ મેળવી હતી પરંતુ છેલ્લે તેની લીડમાં ઘટાડો થયો હતો. ભાજપે કર્ણાટકમાં યોજાયેલી ૨૨૪

વિધાનસભાની કુલ સીટ પૈકીની ૨૨૨માંથી ૧૦૪ સીટો જીતી હતી. ભારતીય જનતા પાર્ટી કર્ણાટકમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી જ્યારે કોંગ્રેસ પાર્ટીને ૭૬ સીટો મળી હતી. જેડીએસ ત્રીજા સ્થાન ઉપર રહી હતી તેને ૩૮ સીટો મળી હતી. અન્યોના ખાતામાં બે સીટો ગઈ હતી. કર્ણાટકમાં મતગણતરી શરૂ થયા બાદથી જોરદાર રોમાંચની સ્થિતિ રહી હતી. કર્ણાટકમાં ચૂંટણી પરિણામથી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને ફટકો પડ્યો છે. તેમની

● અનુસંધાન પાન-૭ પર



## સિદ્ધારમૈયા ચામુન્ડેશ્વરી બેઠક ૨૩ હજાર વોટથી હાર્યા

બેંગ્લુરુ,તા.૧૫

દક્ષિણના રાજ્ય કર્ણાટકમાં બીજેપી સત્તામાં ઊભરી રહી છે. રાજ્યમાં કોંગ્રેસને હારનો સામનો તો કરવો જ પડ્યો છે પણ ખરાબ વાત એ છે કે ચાલુ સીએમ સિદ્ધારમૈયા પણ પોતાની બેઠક સાચવી શક્યા નથી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં બે બેઠકો પરથી લડી રહ્યાં હતા જેમાં ચામુન્ડેશ્વરી બેઠક પરથી હારનો સામનો કરવાનો વારો આવ્યો છે.

## સાંબા સેક્ટરમાં પાક. દ્વારા ગોળીબાર : એક જવાન શહિદ

શ્રીનગર,તા.૧૫

જમ્મુ-કાશ્મીરના સાંબા સેક્ટરમાં સોમવારે રાતે પાકિસ્તાને સીઝફાયરનું ઉલ્લંઘન કરીને ભારતીય ચોકીઓ પર ફાયરિંગ કર્યું. આ દરમિયાન બીએસએફ જવાન દેવેન્દ્ર કુમાર શહીદ થઈ ગયા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભારતીય સેનાએ પણ ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો. ફાયરિંગના ૨૪ કલાક પહેલા જ કઠુઆ પાસે આવેલી બોર્ડપ પર કેટલાક શંકાસ્પદો જોવા મળ્યા હતા. ફાયરિંગની આડમાં આતંકીઓ દ્વારા ઘૂસણખોરીની આશંકા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૯મેના રોજ જમ્મુ-કાશ્મીરની મુલાકાત કરશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૮માં અત્યાર સુધી ૩૩ લોકોના જીવ ગયા છે, જેમાં ૧૭ જવાન સામેલ છે.

બીએસએફ ઓફિસરોના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાન તરફથી રાતે ૧.૩૦ વાગે સાંબામાં અગ્રિમ ચોકીને નિશાન બનાવવામાં આવી. અહીંયા કેટલાક જવાન પેટ્રોલિંગ માટે જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે ફાયરિંગ શરૂ થઈ ગયું.

ભારતીય જવાનોએ પણ આ ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો. રાતે બંને તરફથી ફાયરિંગ ચાલુ હતું. આ દરમિયાન કોન્સ્ટેબ દેવેન્દ્રનો ગોળી વાગી અને તે શહીદ થયો.

બીએસએફ જવાનોએ રવિવારે કઠુઆના હીરાનગર સેક્ટરમાં સરહદ પર ૫ શંકાસ્પદ આતંકીઓને જોયા હતા. માનવામાં આવી રહ્યું છે કે તમામ કાશ્મીરમાં ઘૂસણખોરીની કોશિશ કરી રહ્યા હતા. ત્યારબાદ બીએસએફે મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવ્યું અને જમ્મુમાં એલર્ટ જાહેર કર્યું. ઓપરેશનમાં આર્મીના હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી રહી છે.

## વારાણસીમાં નિર્માણાધીન પુલ ધરાશાયી

વારાણસી, તા. ૧૫

વારાણસીના કેન્ટ વિસ્તારમાં નિર્ણામહેઠળનો પુલ ધરાશાયી થવાની ઘટના બની છે. આ ઘટનામાં ૧૬થી વધુ લોકોના મોત થઈ ગયા છે અને ૫૦થી પણ વધુ

**૧૬ના મોત : ૫૦થી પણ વધુ ઘાયલ : કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો હજુપણ ફસાયેલા હોવાના અહેવાલ :બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે**

લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ ઘટના અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુખ વ્યકત કરીને તરત જ ઘટનાસ્થળ પર પહોંચીને બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા અધિકારીઓને આદેશ કર્યો છે. રાજ્ય સરકારે આ બનાવમાં માર્યા ગયેલા લોકોને પરિવારના સભ્યોને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવા અને ગંભીરરીતે ઘાયલ થયેલા લોકોને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. કેન્ટ ક્ષેત્રમાં ફલાયઓવરના નિર્માણનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે. આજે સાંજે એકાએક પુલનો એક હિસ્સો ધરાશાયી થઈને પડી ગયો હતો જેની નીચે અનેક ગાડીઓ દબાઈ ગઈ હતી. કેટલાક લોકો પણ પુલની નીચે દટાઈ ગયા હતા. ૧૫થી વધુ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. કાટમાળની નીચે અનેક કાર, ઓટો, ટુ વ્હીલર્સ ફસાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે જેમાં મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. કેન્ટ રેલવે સ્ટેશનની પાસે બનેલા આ બનાવમાં નીચે અનેક ગાડીઓ ઉભેલી હતી જેમને ભારે



નુકસાન થયું છે. ઉત્તરપ્રદેશ પોલીસના ડીજીપી ઓપીસિંહે કહ્યું છે કે, બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છે. એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ પણ કામગીરીમાં લાગી ગઈ છે. એનડીઆરએફના સાધનો પણ તરત જ મોકલવામાં આવ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બનાવ અંગે દુખ વ્યકત કર્યું છે. ૭૭૪૧.૪૭ લાખના ખર્ચે આ ફલાય ઓવરનું નિર્માણ કામ ચાલી રહ્યું હતું. બનાવમાં મોતનો આંકડો હજુ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## રમજાનમાં કાશ્મીરને રક્તરંજિત કરવાનું આતંકીઓનું કાવતરૂ

ન્યુ દિલ્હી,તા.૧૫

રમજાનમાં જમ્મૂ કશ્મીરમાં રક્ત રેડવાનો આતંકીઓએ પ્લાન બનાવ્યો હોવાનો ખુલાસો થયો છે. રમજાનના પાક મહિનામાં પાકિસ્તાન આતંકીઓ હુમલો કરે તેવી શકયતા છે.

મળતી માહિતી મુજબ પાકિસ્તાનના આતંકીઓ જમ્મૂ કશ્મીરમાં નિશાન બનાવે તેવી શ●કયતા છે. મુંબઈમાં ૩૨ વર્ષીય પાકિસ્તાનના શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ અને જમ્મૂ કશ્મીરમાં આતંકીઓની ઘુસણખોરી બાદ તમામ એજન્સીઓ સતર્ક થઈ છે.

આતંકીઓ રમજાન અને અમરનાથ યાત્રા પર હુમલો ન કરે તેના માટે તમામ એજન્સીઓ સતર્ક થઈ છે. અર સાથે CRPF, BSF, અને જમ્મૂ કશ્મીર પોલીસને પણ તમામ ભાગમાં સુરક્ષા માટેના આદેશ આપવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ આતંકીઓ ૧૭ મેના રોજ જમ્મૂ કશ્મીરના કેટલાક ભાગમાં હુમલો કરે તેવી શકયતા છે. જેના કારણે તમામ એજન્સીઓ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.

## પીએમ મોદી ૨૧મીએ રશિયાના પ્રવાસે

ન્યુ દિલ્હી,તા.૧૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતી ૨૧ મેએ રશિયાના પ્રવાસે જશે. ત્યાં સોચી શહેરમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે અનૌપચારિક શિખર મંત્રણા કરશે. પુતિને આપેલા આમંત્રણને માન આપીને મોદી રશિયા જવાના છે, એવું વિદેશ મંત્રાલયની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

મોદી અને પુતિન આંતરરાષ્ટ્રીય બાબતો અંગે વિસ્તૃત રીતે ચર્ચા કરશે. આ મંત્રણાનો હેતુ બંને દેશ વચ્ચેની વિશિષ્ટ અને વ્યૂહાત્મક ભાગીદારીને વધારે મજબૂત બનાવવાનો છે.

બંને નેતાઓ સંબંધિત રાષ્ટ્રીય વિકાસલક્ષી પ્રાથમિકતાઓ તથા દ્વિપક્ષી બાબતો અંગે ચર્ચા કરશે.

ભારત અને રશિયા વચ્ચે ઉચ્ચ સ્તરે નિયમિત મસલત ચાલુ રાખવાની પરંપરાને ધ્યાનમાં રાખીને મોદી અને પુતિન વચ્ચે અનૌપચારિક શિખર મંત્રણા યોજવામાં આવનાર છે.

## કર્ણાટકમાં ભાજપનો વિજય ઐતિહાસિક છે : મોદી

નવીદિલ્હી,તા. ૧૫

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં

**મોદી અને અમિત શાહે કાર્યકરોને સંબોધન કર્યુ : કર્ણાટકમાં વિકાસ માટે યાત્રા ઝડપથી આગળ વધશે તેવી રાજ્યના લોકોને મોદીએ ખાતરી આપી**

આવ્યા બાદ મોડી સાંજે ભાજપ સંસદીય બોર્ડની બેઠક યોજાઈ હતી જેમાં વડાપ્રધાન મોદી અને અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ પ્રમુખ અમિત શાહના સંબોધન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સંબોધન કર્યું હતું. મોદીએ પાર્ટીના તમામ કાર્યકરો, પક્ષ પ્રમુખ અમિત શાહ અને તમામ નેતાઓનો આભાર માન્યો હતો. મોદીએ કહ્યું હતું કે, કર્ણાટકની ચૂંટણીમાં અભૂતપૂર્વ જીત થઈ છે. મોદીએ આ જીત બદલ તમામ લોકોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, કર્ણાટકની વિકાસની આગેકૂચ યથાવતરીતે જારી રહેશે. કર્ણાટકના લોકોને ખાતરી આપતા મોદીએ કહ્યું હતું કે, કર્ણાટકના વિકાસ માટે અમે કામ કરતા રહીશું. તેમણે ઉમેર્યું હતું કે, કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી જીતવા માટે તમામ પ્રયોગો કર્યા હતા. લોકશાહી માળખાને નબળુ કરવાના તમામ પ્રયાસો થયા હતા. મોદીએ પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણીમાં થયેલી હિંસાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, લોકશાહીની હત્યા કરવામાં આવી હતી. ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાથી લઈને મતદાનના દિવસ સુધી હિંસાનો દોર ચાલ્યો હતો. મોદીએ ઉમેર્યું હતું કે, કર્ણાટકના સંદર્ભમાં પાર્ટી પ્રમુખ અમિત શાહે તેમને વાત કરી છે. કર્ણાટકમાં તમામ વિપરીત પરિસ્થિતિ છતાં પાર્ટીએ ધરખમ દેખાવ કર્યો છે. ચૂંટણી માટે સખત પરિશ્રમ કરવામાં આવ્યો હતો.

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

કેરી માટે ખાસ સૂચના

આવતીકાલથી રમજાન મહનો શરૂ થાય છે અમારી દુકાનનો સમય નોંધી લેશો...

સવારે ૯-૦૦ કલાકે ખુલી સાંજના ૭-૦૦ વાગ્યે બંધ થશે

ગ્રાહકોના સહકારની અપેક્ષા સહ

રહીમચાચા

રૂપકલા જ્વેલર્સની બાજુમાં, નવદીપ કિરાણા પાછળ, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર




સતાધાર ભોજનાલય એન્ડ રેસ્ટોરન્ટ (A.C.)

શુધ્ધ અને સાત્વીક ભોજન

ભવ્ય પ્રતિસાદ બાદ...

આજે ૧૬-૫-૨૦૧૮ ને બુધવારના રોજ બે વર્ષ પૂર્ણ કરીને ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ

આજના શુભ દિવસે સવાર-સાંજ બંન્ને ટાઈમ જમવાની સાથે સ્વીટ ફ્રી

ગુજરાતી થાળી ફરસાણ સાથે અનલિમિટેડ ફક્ત ₹90/-*

સાઉથ ઈન્ડિયન ડીસ ફક્ત ₹130/-* અનલિમિટેડ

પાંચ જાતના ઢોસા, ઈડલી સાંભાર, મેંદુવડા, બે જાતના ઉત્તપમ

● શુભ સ્થળ ●

બેંક ઓફ બરોડાની બાજુમાં, શાક માર્કેટની પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર

મો. નં. : ૮૩૪૭૫ ૫૯૮૧૫, ૮૩૪૭૦ ૨૨૨૮૧